ડાયરેક્ટ સે

પચે તો જ બચે
જ્ઞાન હોય કે ધન

જન્મદિને વધામણી

સેજલબેન શાહ
લાયોનેસ ક્લબ

આરજી-એસ બી પટેલ કન્યા શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળા, સેક્ટર-૨૩ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિ તરીકે રીટાબેન દરજી અને પદ્માબેન પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં હતાં. વિદ્યાર્થીનીઓ સાથે આચાર્ય સુધાબેન પટેલ, સુપરવાઈઝર ગિતેશભાઈ, ગીતાબેન, હંસાબેન, સ્ટાફ, એનસીસી વિભાગ, એનએસએસ વિભાગ, વિજ્ઞાન ક્લબ, સ્કાઉટ ગાઈડ, ઈકો ક્લબ અને સાહિત્ય વિભાગે પણ વૃક્ષારોપણ કર્યું હતું. આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્ત્વ સમજાવી આરોપેલ રોપાંનો યોગ્ય ઉછેર, જતન કરવાનો અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત પોતાના ઘર પાસે પણ એક રોપાનું આરોપણ કરી તેનું જતન કરવાની શીખ પણ વિદ્યાર્થીનીઓને તેમણે આપી હતી.

જે બી સ્કૂલના વિદ્યાર્થીઓ ત્રિમંદિર અને વૈષ્ણોદેવી મંદિરની મુલાકાતે

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના ધોરણ-૩ના વિદ્યાર્થીઓ માટે વૈષ્ણોદેવી મંદિર અને ત્રિમંદિરની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું, જે દરમિયાન વિદ્યાર્થીઓએ રસપૂર્વક વૈષ્ણોદેવી મંદિરના નિર્માણ અને રચના વિશે માહિતી પ્રાપ્ત કરી વૈષ્ણોદેવીનાં દર્શન કર્યાં હતાં. સાથે-સાથે વિદ્યાર્થીઓએ અડાલજ ખાતે આવેલ ત્રિમંદિરની મુલાકાત લઈ દર્શન કર્યાં હતાં અને જીવનનાં મૂલ્યો તથા શૈક્ષણિક જ્ઞાન આપતી ફિલ્મ અને પ્રદર્શન નિહાળી અહોભાવ વ્યક્ત કર્યો હતો.

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગૌરી વ્રત નિમિત્તે દીકરીઓને ભેટ

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગૌરી વ્રત નિમિત્તે સેક્ટર-૧૨ સરકારી પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓને સૂકો મેવો, નોટબૂક, પેન, કંપાસ અને કટલરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહિલા પાંખનાં બહેનો મોટી સંખ્યામાં આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

ધો૧૨-૧૦ ગુણ ચકાસણીમાં ૩૦૬ વિદ્યાર્થીના ગુણ વધ્યા

ગાંધીનગર, તા. ૭

ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ બોર્ડ દ્વારા ગુણ ચકાસણી માટે વિદ્યાર્થીઓ પાસે અરજી મંગાવી હતી. જેમાં અરજીઓ આવ્યા બાદ ગુણ ચકાસણીની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં ૩૦૬ જેટલા વિદ્યાર્થીઓના ગુણમાં સુધારો થયો છે. જ્યારે ૬૦ વિદ્યાર્થીઓ એવા છે કે જેમના ગુણમાં સુધારો થતાં હવે તેઓ જૂલાઈ માસમાં લેવામાં આવનારી પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. જ્યારે ૯ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓના ગુણમાં કોઈ જ સુધારો થયો નથી.

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં ધોરણ-૧૦ની પરીક્ષા લેવાઈ હતી. ત્યાર બાદ મે માસમાં ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું હતું. પરિણામ જાહેર કરાયા બાદ વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી માટે અરજી કરી શકે તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા કરાઈ હતી. જેના પગલે રાજ્યના ૯૬૭૫ વિદ્યાર્થીઓએ બોર્ડ સમક્ષ ૨૬૬૧૩ વિષયોના પેપરો ચકાસવા માટે અરજી કરી હતી. જેમાં ૬૦ વિદ્યાર્થીઓના ગુણમાં સુધારો થતાં તેઓ હવે જુલાઈ માસમાં લેવાનારી ધોરણ-૧૦ની એક અથવા તો બે વિષયની પૂરક પરીક્ષામાં હાજર રહી શકશે. જ્યારે ૩૦૬ જેટલા વિદ્યાર્થીઓના ગુણમાં એક ગુણથી લઈને પાંચ ગુણ સુધીનો વધારો થયો હતો. જ્યારે ૯૩૬૯ જેટલા વિદ્યાર્થીઓના ગુણમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થયો ન હતો. બોર્ડ દ્વારા ગુણ ચકાસણીનું પરિણામ જાહેર કરી દીધું છે અને જે વિદ્યાર્થીઓના ગુણમાં કોઈ જ ફેરફાર થયો નથી તેમની યાદી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરી છે.

એસ જી અને એસ વી પ્રાથમિક શાળાના ધો. ૨ના વિદ્યાર્થીઓ નર્સરીની મુલાકાતે

ગાંધીનગરની એસ.જી અને એસ.વી પ્રાથમિક શાળાના ધો. ૨નાં બાળકોએ તારીખ-૨૩-૬-૨૦૧૭થી ૦૧-૭-૨૦૧૭ સુધી દરરોજ એક વર્ગે નર્સરી મુલાકાત લીધી. ધો- ૨ ના એ.બી.સી.ડી.ઇ.એફ તેમજ એસ.વી. પ્રાથમિક શાળા એમ બધા જ વર્ગના કુલ ૪૧૦ બાળકોએ ગાંધીનગરમાં આવેલ આનંદ, નિસર્ગ, બોરીજ બ્રાન્ચ નર્સરીની મુલાકાત લીધી હતી અને વિવિધ રોપાં વિષે જાણકારી પ્રાપ્ત કરી હતી. શિક્ષકો પણ આ મુલાકાતમાં વિદ્યાર્થીઓની સાથે રહ્યા હતા.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

બીબીએ કોલેજ દ્વારા પાંચ દિવસીય સિવિલ ડીફેન્સ તાલીમનું આયોજન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સ્થિત બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન(બી.બી.એ)ના ૧૭૨ વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારના ગૃહ વિભાગ અંતર્ગત નાગરિક સંરક્ષણ તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું સાંપ્રત સમય માં મેનેજમેન્ટ નાં વિદ્યાર્થીઓ અભ્યાસ ની સાથે સાથે રાષ્ટ્રનિર્માણ ની પ્રક્રિયા માં જોડાય તેવા ઉદેશ્યથી સમગ્ર તાલીમ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર તાલીમ કુલ પાંચ દિવસ સુધી વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ અપાઈ હતી. જેમાં પ્રથમ દિવસે સિવિલ ડીફેન્સનું માળખું સમજાવવામાં આવ્યું હતું. બીજા દિવસે ટાઇપ ઓફ વોર બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. જેમાં યુદ્ધ કેટલા પ્રકાર ના હોઈ શકે તેમજ તેવા સમયે સામાન્ય માણસ સ્વબચાવ ની સાથેસાથે કઈરીતે સમાજને ઉપયોગી થઈ શકે. તે બાબતે તાલીમ આપવામાં આવી હતી. તેમજ કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિ સમયે પણ બચાવ કામગીરી ની તાલીમ આપવામાં આવી હતી.તૃતીય દિવસે આગ ના બનાવ સમયે કઈ રીતે સ્વબચાવ કરવો તેમજ ફર્સ્ટ એડ તેમજ તાત્કાલિક બચાવ સારવાર બાબતે વિદ્યાર્થીઓને ખુબ ઉપયોગી માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. તેમજ ચોથા દિવસે ફાયર તત્કાલ સેવા વાન ઉપલબ્ધ કરાવી વિદ્યાર્થીઓને જીવંત નિદર્શન બતાવવા માં આવ્યું હતું. સાથે સાથે ૧૦૮ તત્કાલ સેવા વાન અને મીની વોટર ટેન્ડર તેમજ ઈ વાન બાબતે પણ વિદ્યાર્થીઓ ને જીવંત કાર્યવાહી બતાવી માર્ગદર્શિત કરવા માં આવ્યા હતા. તાલીમ ના અંત માં તમામ વિદ્યાર્થીઓની સિવિલ ડીફેન્સ વિભાગ ગુજરાત સરકાર દ્વારા પાંચમાં દિવસે લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ઉપરોક્ત તમામ દિવસે મેળવેલ તાલીમ બાબતે વિદ્યાર્થીઓ એ પરીક્ષા આપી હતી. જેના તેઓને ગુજરાત સરકાર દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા જે વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે.

સમગ્ર તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન આપવા મહેન્દ્રસિંહ એમ.રાઠોડ (ડેપ્યુટી કંટ્રોલર સિવિલ ડીફેન્સ-ગાંધીનગર) ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમ ને સફળ બનાવવા સિવિલ ડીફેન્સ વિભાગીય વોર્ડન અંજના નિમાવત નો સહકાર સાંપડ્યો હતો. તેમજ મહેશકુમાર મોઢ (ચીફ ફાયર ઓફિસર) દ્વારા મીની વોટર ટેંક ઉપલભ કરાવવા અને દિનેશભાઈ ઉપાધ્યાય (મેનેજર, વ્રુદ્ધ) દ્વારા ફર્સ્ટ એડ ના નિદર્શન બાબતે ખુબ મહત્વપૂર્ણ સહકાર આપવા માં આવ્યો હતો.

પ્રફુલ દવેનું સૂરો પર પ્રભુત્વ અને શ્રોતાઓ પ્રફુલ્લિત

સંગીતને વરેલી અને હંમેશા ઉત્કૃષ્ટ સંગીત પીરસવાની નેમ સાથે કામ કરતી આ સંસ્થાના બે દિવસીય કાર્યક્રમ 'સ્વરોત્સવ' તાજેતરમાં યોજાઈ ગયો. 'સ્વરોત્સવ'નો પ્રથમ દિવસ રીમઝીમ વર્ષાની અને બીજો દિવસ ધોધમાર વૃષ્ટિની અનુભૂતિ આપનાર બની રહ્યો. સંગીતની આ વર્ષામાં સૌ કોઈ તરબતર થયા. હરહંમેશની જેમ આવા મજબૂત કલાકારો અને સફળ નવીન પ્રયોગોથી સંગીત પીપાસુઓને કંઈક નવીન પીરસવાનો શિવરંજનીનો પ્રયાસ પ્રશંસનીય રહ્યો.

'સ્વરોત્સવ-૨'માંશ્રી પ્રફુલ દવેજી જેવા નીવડેલ લોક ગાયક બીજી પેઢી એટલેકે તેમના સંતાનો ઈશાની અને હાર્દિક સાથે સ્ટેજની શોભા બન્યાં... (સ્વરોત્સવની આ વર્ષની ખાસિયત એ રહી કે બન્ને દિવસ સ્ટેજ પર કલાકારો સહ પરિવાર ઉપસ્થિત હતા.) સૌમ્ય વ્યક્તિત્વ અને સતત હસતો ચેહરો ધરાવતાં શ્રી પ્રફુલજીની સંપૂર્ણ સહજ રજુઆતને અને ઉત્તમ સંગીતની લ્હાણીએ શ્રોતાઓને જકડી રાખ્યાં. કાર્યક્રમના આરંભથી અંત સુધી ઉપસ્થિત સહુ સંમોહિત સ્થિતિ અનુભવી અને સૌએ પ્રફુલભાઈ અને વૃંદ તેમજ શિવરંજની બન્ને ખૂબ બિરદાવ્યાં. સુંદર ગણેશ સ્તુતિથી કાર્યક્રમની ભવ્ય રજુઆત શ્રી પ્રફુલ દવે દ્વારા થઈ.

કાર્યક્રમની વિશેષતા એ હતી કે, શરૂઆતથી જ મંચ અને શ્રોતાગણ વચ્ચે એકાત્મકતા કેળવાઈ હતી. શિવરંજનીના સૂરીલા સભ્યોએ પ્રફુલભાઈને સુરીલો સાથ આપતાં સૌ એ 'સ્વરોત્સવ'ના આ લોકસંગીતના ડાયરામાં એકાકાર થઈ સંગીત માણ્યું હતું. ખુબ જાણિતી રચના ગોકુળ આવ્યો ગીરધારી રે જી... ની પ્રફુલભાઈ દ્વારા સુંદર શરૂઆત બાદ સાવન આયોરે સખી... સ્થાયીના હૃદય સ્પર્શી શબ્દોથી વાતાવરણ ભાવવાહી બન્યું. કુ. ઈશાની દવેના સુરીલા કંઠે અવિનાશજીની લોકપ્રિય રચના 'મણિયારો તે હાલુ હાલુ...'ની પ્રસ્તુતિ થઈ. સમગ્ર વૃંદ દ્વારા ઉત્સાહ સભર રજુઆતથી દલડાની ઉદાસી ઓસરી ગયાની અનુભૂતિ વ્યાપી રહી. ઈશ્વરને સંબોધીને રચાયેલી કવિ દાદની સુંદર રચના ''ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું... મંદિરમાં નથી રહેવું... વન વગડામાં જાવું...'' પ્રફુલભાઈના કંઠે જીવંત સાંભળવું એક લ્હાવો બની રહ્યું. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ખુબ જાણીતી અને લોકજીભે રમતી રચનાં 'મન મોર બની થનઘાટ કરે...'ની સુંદર રજુઆત શ્રી પ્રફુલભાઈ અને હાર્દિકભાઈ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી. સુંદર રચનાની થનગનાટ સભર રજુઆતથી વાતાવરણમાં ઉત્સાહ અને આનંદ વ્યાપી રહ્યો. તરત જ બીજી લોકપ્રિય રચનાં 'મારે ટોડલે બેઠો રે મોર કાં બોલે...' પ્રસ્તુત થયું અને સહુ તાલ દઈ ઝુમી રહ્યાં.

અવિનાશ વ્યાસની કૃષ્ણ લીલાનો આભાસ કરાવતી અને લોક જીવનમાં મહદ્ અંશે જે રાસ સ્વરૂપે વણાઈ ગઈ છે એવી રચના 'હે રંગલો જામ્યો કાલીંદડીને ઘાટ...'ની પ્રસ્તુતિ થઈ. તબલાં ઢોલકની બે નમુન સંગત અને તાલના સુમેળથી ટાઉન હોલનું વાતાવરણ ઉર્જા સભર બની રહ્યું. ચંદુલાલ મંજીરાવાલાની મસ્તીસભર તાલબધ્ધ રજુઆતને સૌએ તાળીઓથી વધાવી લીધી. સમગ્ર વાદક વૃંદની કલા અને પ્રભાવથી ગાયકોની પ્રત્યેક રજુઆત વિશેષ બની રહી અને માહોલમાં મસ્તીભરી માદકતા પ્રસરી રહી. 'તારા પાલવનો છેડલો મેલ કે મન મારૂં મલકે છે...' 'મારો હેલો સાંભળો હો હો જી....'ની સુંદર રજૂઆત બાદ કવિ દુલા ભાયા કાગની સુંદર રચના 'પગ મને ધોવા દ્યો રઘુરાય...'ની ભાવવાહી રજુઆતથી સમગ્ર વાતાવરણ ભાવમય બન્યું. કચ્છ સિંધની બોર્ડર પર રાણા અને હુમલ પ્રેમી યુગલનો ઈતિહાસ ટાંકતા 'રાણા' રાગ વિશે માહિતિ આપી હતી. હુમલે રાણા માટે ગાયેલ ગીતોના રાગનું નામકરણ 'રાણા' રાગથી થયું. શ્રી હાર્દિકભાઈ દ્વારા આ રાગની સુંદર પ્રસ્તુતિ થઈ. શ્રી પ્રફુલભાઈએ જ્યારે આ રાગના સુરોમાંથી નીકળી સુંદર રીતે પ્રભાતિયાંના સુરોમાં પ્રવેશ કર્યો ત્યારે તેમના સુરોની પકડ અને સંગીતના જ્ઞાનને સૌ શ્રોતાજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું. આ તબક્કે પ્રેક્ષકગણમાં ઉપસ્થિત ગાંધીનગરના સંગીત ગુરુ અને શિવરંજનીના કારોબારી સભ્ય સંગીતજ્ઞ શ્રી પિનાકિન વ્યાસે સ્ટેજ પરથી રાગ 'રાણા'/સિંદુરાના સૂરો છેડ્યાં હતાં. સૌ પ્રેક્ષકો આ રજુઆતથી ખૂબ પ્રભાવિત થઈ તેમને બિરદાવ્યાં હતાં.

કાર્યક્રમના અંત ભાગમાં 'માડી હું તો બાર બાર વર્ષ...' ની રજુઆતથી પ્રફુલભાઈના કંઠનો અલગ રંગ પ્રસ્તુત થયો અને સૌ શ્રોતાગણ કરૂણ રસમાં ઝબોળાયાં.

ત્યારબાદ શ્રી પ્રફુલભાઈ અને કુ. ઈશાની દ્વારા 'હરિ તું મારુ ગાડુ ક્યાં લઈ જાય... કાંઈના જાણું.... અને પાપ તારું પરકાશ જાડેજા...'ની ખુબ સુંદર પ્રસ્તુતિ થઈ.

પ્રેક્ષકોની ફરમાઈશ પર 'આઠ કુવા અને નવ પાવડા હોજી રે...' 'હાં હાં રે ગોકુળિયું...' 'કૃષ્ણ ભગવાન હાલ્યા દ્વારિકાને કાંઈ ...'ની સુંદર રજુઆતથી કાર્યક્રમની સમાપ્તિ થઈ.

સુંદર યાદગાર કાર્યક્રમ થકી ફરી એકવાર આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ગુજરાતનો ગૌરવ સમાન લોકલાડીલા કલાકાર શ્રી પ્રફુલ દવે અને વૃંદ લોક માનસ પર છવાઈ ગયાં.

'સ્વરોત્સવ'થી સુંદર શરૂઆત ટીમ શિવરંજનીને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા...

- મમતા રાવલ

(૧) કેન્દ્રીય કાયદા પંચે લગ્ન નોંધણી ફરજિયાત કરવાની તરફેણમાં પોતાના રિપોર્ટમાં કેટલા દિવસમાં લગ્ન નોંધણી કરાવવા સૂચવ્યું છે?
(એ) ૪૫ દિવસ
(બી) ૩૦ દિવસ
(સી) ૪૦ દિવસ
(ડી) ૨૫ દિવસ

(૨) કેન્દ્રીય વન પર્યાવરણ મંત્રાલયે દેશભરમાં વન મહોત્સવ અંતર્ગત વૃક્ષારોપણ અભિયાનની શરૂઆત કયા સ્થળેથી કરી હતી?
(એ) પંજાબ
(બી) હરિયાણા
(સી) દિલ્હી
(ડી) ગુજરાત

(૩) જુલાઈ માસમાં એનડીઆરએફના નવા પ્રમુખપદે કોની વરણી કરવામાં આવી છે?
(એ) સંજય કુમાર
(બી) વિજયકુમાર
(સી) રવિકુમાર
(ડી) રાજીવકુમાર

(૪) તાજેતરમાં દિલ્હી સ્થિત નેશનલ બૂક ટ્રસ્ટે કયું અભિયાન શરૂ કર્યું છે?
(એ) બધા માટે પુસ્તક
(બી) દરેક હાથમાં એક પુસ્તક
(સી) લોકોના સાચા મિત્ર પુસ્તક
(ડી) મૂલ્યવાન પુસ્તક પરબ

(૫) વડાપ્રધાનના મહત્ત્વાકાંક્ષી સ્કિલ ઈન્ડિયા મિશનના ભાગરૂપે કયા રાજ્યમાં ગ્લોબલ સ્કિલ પાર્ક બનાવવા શિલાન્યાસ કરવામાં આવ્યો છે?
(એ) મધ્યપ્રદેશ
(બી) દિલ્હી
(સી) ઉત્તર પ્રદેશ
(ડી) મહારાષ્ટ્ર

(૬) વિશ્વમાં સૌથી જૂની ટેનિસની કઈ ટુર્નામેન્ટના વર્ષ ૨૦૧૭માં ૧૪૦ વર્ષ પૂર્ણ થયાં હતાં?
(એ) ફ્રેન્ચ ઓપન
(બી) યુએસ ઓપન
(સી) વિમ્બલ્ડન
(ડી) શાંઘાઈ ઓપન

(૭) ૨૦૧૭માં થયેલા સર્વે મુજબ સ્વિસ બેન્કમાં સૌથી વધારે રૂપિયા જમા કરાવનાર દેશોમાં ભારતનો ક્રમ કયો નોંધાયો છે?
(એ) ૮૮
(બી) ૮૯
(સી) ૯૦
(ડી) ૯૧

(૮) તાજેતરમાં ભારત અને ઈઝરાઈલ દેશ વચ્ચે કુલ કેટલા કરારો થયા હતા?
(એ) ૮
(બી) ૬
(સી) ૭
(ડી) ૮

(૯) ૨૦૧૭માં ઈન્ડો-તિબેટ બૉર્ડર પોલીસના નવા પ્રમુખ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(એ) આર કે માથુર
(બી) આર કે પંચનંદા
(સી) આર કે ગુપ્તા
(ડી) આર કે જૈન

(૧૦) દેશભરમાં જીએસટી લાગુ કરનાર છેલ્લું રાજ્ય કયું બન્યું છે?
(એ) સિક્કીમ
(બી) મણિપુર
(સી) જમ્મુ-કાશ્મીર
(ડી) ત્રિપુરા

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

'મારું પ્રિય પુસ્તક'